# JAINISM — ILLUSTRATED

# ચિત્રમય — જૈન ધર્મ



VINOD KAPASHI ——— વિનોદ કપાસી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# JAINISM — ILLUSTRATED

VINOD KAPASHI

PUBLISHED BY:
SUDHA KAPASHI
11 Lindsay Drive
Kenton Middx HA3 0TA

PUBLISHED: JULY 1988

ALL RIGHTS RESERVED.

My thanks to my wife Sudha, daughters Raxita, Purnima and Neha: to Mr. Kirtibhai Zaveri Pujya Chanchal Masi, Dr. Kumarpal Desai, Mr. Gary Dawson, Hasmukhbhai Gardi and Jivanjibhai Patel

PRINTED BY:
MADHAV ALLWIN LTD.
MADHAV HOUSE.
68 MANSFIELD ROAD.
LONDON NW3 2HU
TEL: 01-267 7720

PRICE £1.75




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



SHRI NAOKAR MANTAR

**ṆAMO ARI HAN TĀ ṆAṀ**
**ṆAMO SIDDHA ṆAṀ**
**ṆAMO AYARI YĀ ṆAṀ**
**ṆAMO UVAJJHA YĀ ṆAṀ**
**NAMO LOYE SAVVA SAHŪ ṆAṀ**
**ESO PAṄCH ṆAMOKKĀRO**
**SAVVA PAVAPPAṆASAṆO**
**MAṄGALĀṆAṄCHA SAVVESIM**
**PADHAMAṀ HAVAI**
**MANGALAṀ**

Salutations to the victors
Salutations to the liberated soul
Salutations to the head spiritual teachers
Salutations to the teachers
Salutations to all the monks of the world

These five-fold salutations
destroy all sins
and among all forms of bliss
this is the first bliss





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

The first Tirthankar (prophet, path-maker) is Rushabhdev. He taught all the necessary knowledge regarding farming, house-building, cooking and basic education in arts, science and commerce. His symbol is the bull. Some coins of pre-Aryan civilisation show the bull on one side and an ascetic on the other. According to some historians Jain philosophy existed in India before the arrival of Aryan people.



The 22nd Tirthankar Neminath, a cousin of Lord Krishna, was a kind hearted prince. The 23rd Tirthankar, Lord Parsvanath, was born more than 2750 years ago. He preached the religion of four principles (non-violence, truth, non-stealing and non-acquisition).

Two distinct lines of thought prevailed during that time. One was the Vedic culture and the other was the Shraman culture. The first one gave Hinduism to the world and the other culture gave Jainism and Buddhism.

## ઋષભદેવ



તીર્થંકર એટલે તીર્થની સ્થાપના કરનાર. તીર્થ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ.તીર્થંકર ધર્મોપદેશ કરે છે. ધર્મ ચક્ર પ્રવર્તન કરે છે. આ સમયમાં ૨૪ તીર્થંકર થયાં છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવ હતાં. તેઓ આદિનાથ તરીકે પણ ઓળખાય છે. તેમણે માનવીઓને સર્વ વિદ્યાઓ શીખવી અને પ્રાથમિક જ્ઞાન તથા કેળવણી પણ આપ્યાં. ખેતી કરતાં, અગ્નિનો ઉપયોગ કરતાં તેમણે શીખવ્યું. તેમનું નિશાન બળદ છે. (ઋષભ એટલે બળદ). સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો, ખાસ કરીને પ્રાચીન સિક્કાઓ પરનાં બળદનાં તથા કેટલાક કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિત યોગીના ચિન્હો પરથી હવે એક માન્યતા એ પણ બંધાઈ છે કે જૈન-ધર્મ આર્યોના આગમન પહેલાંથી જ ભારતમાં પ્રચલિત હતો.

******




બાવીસમાં તીર્થંકર, નેમિનાથ; કૃષ્ણ ભગવાનનાં પિતરાઈ ભાઈ હતાં. ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ તો ઐતિહાસિક પ્રતિમા છે. તેઓ ૨૭૫૦ કરતાં યે વધારે વર્ષો પહેલાં જનમ્યાં હતાં. તેમણે ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો હતો. આ ચાર સિદ્ધાંતો આ પ્રમાણે છે.

અહિંસા, સત્ય, અચૌર્ય અને અપરિગ્રહ.

પાર્શ્વનાથના સમયમાં બે વિચારધારાઓ પ્રચલિત હતી. એક વૈદિક સંસ્કૃતિ અને બીજી શ્રમણ સંસ્કૃતિ. વૈદિક સંસ્કૃતિની ભેટ એટલે હિંદુ ધર્મ અને શ્રમણ સંસ્કૃતિએ જગતને જૈન ધર્મ તથા બૌદ્ધ ધર્મ આપ્યાં.



પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથનું લાંછન


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




BIRTH PLACE OF LORD MAHAVIR



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



LORD MAHAVIR (599BC - 527 BC)

He is the ford founder and today's Jainism is based on his preachings. He founded the religious order of monks, nuns, lay-men and lay-women. Lord Mahavir was born in a princely family but he left his palace at the age of 30 in search of eternal truth and eternal happiness. He attained Keval-Gyan (ultimate knowledge and wisdom) when he was 42 and Nirvana (died) when he was 72. He was older than Buddha though both were born in North India and preaching their own philosophies at the same time. Mahavir and Buddha both preached the principles of Ahimsa. Mahavir took the path of strict penance whereas Buddha took the "middle path".

મહાવીર સ્વામી તે ૨૪ મા તીર્થંકર.

આજના જૈન ધર્મનું મૂળ સ્વરૂપ તેમણે ઘડ્યું. તેમનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૯૯ માં બિહાર રાજ્યમાં વૈશાલી નગરનાં પરા (ક્ષત્રિયકુંડ) માં થયો હતો. તેમના પિતા રાજા સિદ્ધાર્થ; માતાનું નામ ત્રિશલા. ૩૦ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો. તપ-સાધના કરી. અહિંસા અને સંયમના માર્ગે ચાલીને, અનેક પરિષહો સહન કરીને તેમણે વિશ્વને નવો જ પ્રકાશ આપ્યો. અહિંસા-મૂલક ક્રાંતિ અને અહિંસા યુકત સમાજ રચનાનો પાયો નાખ્યો. ૪૨ વર્ષની વયે તેમને કેવળજ્ઞાન થયું. ૭૨ વર્ષની વયે તેઓ નિર્વાણ પામ્યાં. તેઓ બુદ્ધ ભગવાનથી મોટી ઉંમરનાં હતાં પરંતુ તેમના સમકાલીન હતાં. મહાવીર અને બુદ્ધ બંનેએ અહિંસા-ધર્મનો ઉપદેશ આપ્યો. મહાવીર સ્વામીએ કઠિન તપશ્ચર્યાની આવશ્યકતા પર ભાર મૂક્યો જ્યારે ભગવાન બુદ્ધે આ માર્ગ છોડીને "મધ્યમ-માર્ગ" અપનાવ્યો.

મહાવીર સ્વામીએ બિહાર-ઉત્તરપ્રદેશ અને બંગાળાના વિસ્તારોમાં ધર્મ પ્રચાર કર્યો. તેમનું નિર્વાણ પાવાપુરીમાં થયું હતું. નિર્વાણ સમય ઈ.સ. પૂર્વે ૫૨૭. દિપાવલીનો દિન.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## ભગવાન મહાવીરે સર્પ ચંડકૌશીકને ક્ષમા આપી

**FEW INCIDENTS:—**

મહાવીર સ્વામીના જીવનમાં બનેલી ઘટનાઓમાં ચંડકૌશિક સર્પની ઘટના જાણીતી છે. પોતાના સાધના માર્ગમાં વિચરતા મહાવીરને એક અતિ ભયંકર દ્રષ્ટિ-વિષ સર્પનો ભેટો થયો. આ સર્પ હતો ચંડકૌશિક. તેણે મહાવીરને ઉપરા ઉપરી પગના અંગુઠા પર દંશ દીધાં. પરંતુ તેઓ અવિચલિત અને શાંત રહ્યાં. તેમના અંગુઠામાંથી તેમના અવ્યાબાધ પ્રેમ અને કરુણાના પ્રતીક રૂપ દુધની ધારા જ નીકળી. તેમણે સર્પને શાંતભાવે "બુઝહ બુઝહ" એટલું જ કહ્યું. આ બે શબ્દોનો અર્થ શાંત થા - સમજ એમ થાય છે. ક્રોધ પર કરુણા-દયાનો તથા પ્રેમનો વિજય થયો. આ બે શબ્દો - બુઝહ બુઝહ - કેટલું કહી જાય છે!





ચંદનબાળા એક રાજકુમારી હતી. પણ દૈવયોગે તેના પિતા (ચંપાનગરીના રાજા દધિવાહન) યુદ્ધમાં હણાયા પછી દુર્દશાને પામી હતી. એક શેઠને ત્યાં દાસી તરીકે જીવન ગુજારતી હતી. કરુણામૂર્તિ ભગવાન મહાવીરે પાંચ માસને પચ્ચીસ દિવસના ઉપવાસ પછી આ નિરાધાર બાળા પાસેથી જ ભિક્ષા અને તે પણ સુકા અડદના દાણા ગ્રહણ કર્યા. ભગવાને ક્યાંયથી પણ અન્ન ન સ્વીકાર્યું અને આ બાળા મળે ને અમૂક પરિસ્થિતિ સર્જાય તો જ ભિક્ષા લેવી તેવો તેમનો દ્રઢ નિર્ધાર (અભિગ્રહ) હતો. ચંદનબાળા ભિક્ષા આપીને ધન્ય બની. પ્રભુએ લાંબા સમયે પારણાં કર્યા ને આ ભોજન આરોગ્યું.

Once when Mahavir was meditating, a poisonous snake called Chandakaushik came and bit him. Mahavir did not even open his eyes to see what was happening. The snake, furious and angry wanted to break the meditation and tried again and again with the most poisonous venom. Mahavir, unperturbed, gently opened his blissful eyes and told the snake in a tender and compassionate voice to calm down.

---

Mahavir broke his fast after 5 months and 25 days. He had vowed that he would accept food only in certain conditions. This was fulfilled. Chandanbala was a girl who offered food to Lord Mahavir. Chandanbala was really a Princess, who had lost everything. Her real identity was revealed after this incident.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# AHIMSA:

If Jainism has been described as an ethical system par excellence, Ahimsa is the keynote of this system. Ahimsa pervades the entire length and breadth of the Jain code of conduct. Jain-Ahimsa is not merely non-killing, it is reverence for life. It includes all the guidelines about environment and our atmosphere.

Jainism recognizes the sanctity of all life. As a community, Jain people run panjra-poles, which look after sick and invalid cattle. They feed hungry animals and birds as part of their feelings of Jiv-Daya (kindness towards all living beings).



જૈન ધર્મ એટલે અહિંસા-ધર્મ. અહિંસા એટલે માત્ર પ્રાણી-વધ ન કરવો તેટલું જ નહીં. વિશ્વના સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની હત્યા ન થાય તેની કાળજી રાખવી. મન-વચન-કાયાથી હિંસા ન આચરવી. કોઈને આવી હિંસા આચરવા ભલામણ ન કરવી અને કોઈ પણ વ્યકિત આવું કરે તો તેને અનુમોદન (Approval) - ન આપવું. આ પ્રકારની અહિંસા તે જ સાચી અહિંસા. પ્રાણી માત્ર પ્રત્યે દયા-પ્રેમ-કરુણાની ભાવના રાખી શકાય તો જ અહિંસાનું પાલન શક્ય બને.




જૈનો શાકાહારી તો હોય જ પરંતુ ખાવા-પીવાની બાબતમાં અન્ય નિયમો પણ પાળે છે જેથી અહિંસાના સિદ્ધાંતના પાલનમાં સરળતા રહે.

કતલખાને જતાં પશુઓને બચાવવાનું તથા તેમની સાર-સંભાળ લેવાનું કાર્યો પણ જૈનો કરે છે. ભારતમાં પશુ-રક્ષણની કાર્ય કરતી આવી સેંકડો પાંજરાપોળ છે.

અહિંસા પાલન અર્થે ઘણા જૈનો રાત્રી ભોજન નથી કરતાં કંદમૂળ નથી ખાતાં (કંદમૂળ ઉખાડવાથી જમીનની અંદર રહેલાં નાના જીવો મરી જવાની સંભાવના રહે છે). અવારનવાર થોડા થોડા સમયનાં નિયમો સ્વીકારે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# THE FIRST SCRIPTURE

"ACHARAGA SUTRA" is the very first Scripture of Jains. This is also a very important Sacred book. It is said that preaching in this book is the direct preaching of Lord - Mahavir. This Sutra or book is believed to be nearly 2,500 years old. I have translated few verses in English and are given below. These clearly show the depth of Jain - philosophy and the Jain approch towards Ahimsa. Every Jain should read and study this ancient book. English and Gujarati translation are available now.



Those who long for true and eternal happiness do not want to lead an uncontrolled life. Knowing the Cycle of birth and death they walk the path of right conduct with firmness (2, 3, 90)

For death there is no unsuitable time, it will strike at any time (2, 3, 91)

Those who are ignorant and are attached to wordly pleasures suffer again and again and for them real guidance is necessary (2, 3, 101)

One who knows other people's misery does not pursue worldly pleasures and keeps away from bondage of sinful acts.

## શ્રી આચારાંગ સૂત્ર

જે સાચા અને શાશ્વત સુખના અભિલાષી છે તે અસંયમી જીવનની ઈચ્છા કરતા નથી. જન્મ મરણના સ્વરૂપને સારી રીતે જાણી ચારિત્રમાં દઢ થઈ વિચરે છે.

મૃત્યુના માટે કોઈ અકાળ નથી.

સર્વ પ્રાણીઓને પોતાનું આયુ પ્રિય છે, સર્વ સુખના ઈચ્છુક છે, દુઃખ અને મરણ સર્વને પ્રતિકૂળ લાગે છે, અને પ્રત્યેક પ્રાણી જીવનની અભિલાષા રાખે છે.
જીવવું બધાને પ્રિય લાગે છે.

હે જીવ ! તું સ્વયં જ તારો 'મિત્ર (સહાયક) છે. બહારના મિત્રની ઇચ્છા શા માટે કરે છે ?

જે કર્મોને દૂર કરનાર છે તે મોક્ષને પ્રાપ્ત કરનાર છે, જે મોક્ષને પ્રાપ્ત કરનાર છે તે કર્મોને દૂર કરનાર છે. એવું સમજીને વિચરવું જોઇએ.

હે પુરુષ ! તું પોતાના આત્માનો નિગ્રહ કર. એમ કરવાથી તું દુઃખોથી મુકત થઇ જઇશ.

હે પુરુષ ! તું સત્યનું જ સેવન કર. કારણ કે સત્યની આજ્ઞામાં પ્રવર્તિત બુદ્ધિમાન્ સાધક સંસારને તરી જાય છે અને શ્રુત-ચારિત્ર રૂપ ધર્મનું યથાર્થ રૂપથી પાલન કરી કલ્યાણ પ્રાપ્ત કરે છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# KALPA-SUTRA
# * કલ્પસૂત્ર *



The most sacred book of the Jains, it was written by Bhadrabahu, who died in 357 BC. This book is read during the holy days of Paryushan.

The book contains the life of Lord Mahavir in detail and other biographies in short. It also gives code of conduct for monks.

During the olden days rich merchants used to employ caligraphers to write copies of this sacred book. Golden border, beautiful drawings and fine handwriting were the features of such manuscripts which also included multi-coloured miniature paintings. Thousands of manuscripts of Kalpa-Sutra are still in existence. Some are now found in the museums and libraries of Britain, France, Germany and USA.

સૌથી વધુ પૂજનીય - પવિત્ર ગણાતો ગ્રંથ. પર્યુષણના દિવસો દરમ્યાન આ ગ્રંથનું વાંચન થાય છે. તેના કર્તા છે ભદ્રબાહુ સ્વામી. કલ્પસૂત્રમાં તીર્થંકર ચરિત્રો, થેરાવલી એટલે મહાવીર સ્વામી પછીના આચાર્યોની યાદી છે. અને સાધુઓના આચાર વિષે પણ થોડું છે. મહાવીર સ્વામીનું ચરિત્ર વિસ્તૃત રીતે આલેખવામાં આવ્યું છે તેથી આ ગ્રંથ પરનો ભકિતભાવ કદાચ સવિશેષ છે. કલ્પસૂત્રમાં આપેલી આચાર્યોની યાદી તથા સાધ્વાચાર ભદ્રબાહુ પછીના કોઈ આચાર્યે લખ્યાં હશે તેમ મનાય છે.

જૈનો માટે કલ્પસૂત્રનું એટલું બધું મહત્ત્વ છે કે આ ગ્રંથની હજારો હસ્તપ્રતો વિદ્યમાન છે. ખાસ ચિત્રકાર લહીઆઓ રાખીને ધનિક વર્ગ કલ્પસૂત્રની હસ્તપ્રતો બનાવરાવતાં હતાં. રંગ-બે-રંગી ચિત્રો યુકત આ હસ્તપ્રતો આપણો પ્રાચીન વારસો છે. જૈન ચિત્રકળા શીખવા-સમજવા માટે આ હસ્તપ્રતોનો અભ્યાસ આવશ્યક છે. તાડપત્રી પર અને કાગળ પર આવી હસ્તપ્રતો લખાતી, સુંદર ચિત્રો, સોનેરી બોર્ડર, મરોડદાર અક્ષરો વાળી અનેક હસ્તપ્રતો ભારતની બહાર જર્મની, ફ્રાંસ, અમેરિકા અને બ્રિટનમાં પણ વિદ્યમાન છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- JAINS
  - SHWETAMBAR
    - DERAVASI
    - STHANAKVASI
  - DIGAMBAR

SHWETAMBAR = White robed  DIGAMBAR = Sky clad monks

STHANAKVASI do not believe in idol worship

SUB-SECTS
according to different
towns( e.g. OSHWALS from
areas Oshia town)
professions

Note. There is no sub sect as NAVNAT, this is merely a name of the group



Jain monks and nuns lead very strict lives.

They do not possess any money.

They do not wear shoes.

They do not use motor cars or trains for travelling purposes.




They observe principles of Jainism very strictly.

They do not eat or drink after sunset.



શ્વેતામ્બર સાધુ



સ્થાનકવાસી સાધુ



દિગમ્બર સાધુ

—જૈન સંઘ 'ચતુર્વિધ સંઘ' (ચાર પ્રકારનો સમુદાય) થી ઓળખાય છે. આ ચાર પ્રકારમાં (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક અને (૪) શ્રાવિકાનો સમાવેશ થાય છે. સાધુ–શ્રાવકમાં પુરુષો સમાવિષ્ટ છે. અને સાધ્વી–શ્રાવિકામાં સ્ત્રી વર્ગ સમાવિષ્ટ છે. સાધુ–સાધ્વી ત્યાગી વર્ગમાં અને શ્રાવક–શ્રાવિકા સંસારી વર્ગમાં ગણાય છે.

—જૈન સાધુ ઘર–સંસાર તજી, હિંસા, અસત્યાદિ પાપો છોડી, કંચન કામિનીના ત્યાગી બની, પાદ વિહારી બની, સ્વ પર આત્મસાધનામાં તત્પર હોય છે.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## THEORY OF KARMA

This is a scientific theory about the soul and our behaviour. The soul is an independant entity which attracts pudgala-parmanu related with our thoughts speech or action. These parmanus join or are attracted to the soul where they become Karma. The soul is affected (polluted) according to the quantity and quality of the Karma and our well being is governed by the resultant force. This is known as Karma theory.

Jainism has explained with the help of mathematics how these Karma particles affect us. We enter in to the cycle of birth and death because of our Karma which also decides higher or lower form of existence.

Total destruction of all the Karma is possible. When the soul is clear of all the Karma it becomes 'liberated soul', in other words it attains moksha or nirvana.

The path leading to moksha is through right knowledge, right vision (faith) and right conduct.

Non-violence, self control and penance are necessary to shed Karma particles (this is right conduct).

KARMAS

| GHATI | | AGHATI | |
|---|---|---|---|
| 1 | GYANAVARNIYA | 5 | VEDANIYA |
| 2 | DARSHANAVARNIYA | 6 | AYU |
| 3 | MOHANIYA | 7 | NAMA |
| 4 | ANTARAYA | 8 | GOTRA |

1 Gyanavarniya Karma obscures knowledge

2 Darshanavarniya Karma obscures vision and cognition

3 Mohniya obstructs conduct and faith

4 Antaraya prevents good action

5 Vedaniya produces feelings and emotions

6 Ayu determines the age of the individual

7 Nama Karma gives factors of individuality

8 Gotra Kapma destines family surroundinges










Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# * કર્મનો સિદ્ધાંત *

કર્મનો સિદ્ધાંત એ પણ વૈજ્ઞાનિક છે.

જીવ એટલે કે આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે. આત્મામાં અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ વગેરે ગુણો હોય છે. આપણે વિચારીએ, બોલીએ કે જે જે પ્રવૃત્તિઓ કરીએ તેના ફળરૂપ તે તે પ્રકારનાં પુદ્‌ગલ પરમાણુઓનું આત્મા સાથે મિલન થાય છે. આત્મા અને આવી કાર્મણ-વર્ગણાનો સંબંધ તેનું નામ કર્મ-બંધન.

કર્મો શુભ પણ હોઈ શકે છે અને અશુભ પણ.

કર્મ રજથી આત્મા ખરડાય છે તેથી તેના પરિણામ તેને (આપણને) ભોગવવા પડે છે. કર્મ બંધનને લઈને જ આપણે જીવન-મરણના ફેરામાં ફર્યા કરીએ છીએ. સુખ-દુ:ખ ભોગવીએ છીએ.

કર્મ રજ અનેક પ્રકારની હોય છે. જેવો પ્રકાર અને જેટલો સમુહ (જથ્થો) તે પ્રમાણે આત્માને અસર પહોંચે છે. આ કર્મ-વિજ્ઞાન ગહન છે. જૂદા જૂદા સેંકડો શબ્દોના અર્થ જાણવા પડે. કર્મના રજકણોની ગતિ જૈન ધર્મ ગણિતની મદદથી (શ્રેણી, લોગેરીધમ) સમજાવે છે. આત્મા અને કર્મનો સંબંધ. આત્માનું ખરડાવું અને પછી કર્મફળ આ વસ્તુઓનું સંચાલક કોઈ દૈવી-બળ નથી. બધું જ ભૌતિક-વિજ્ઞાન, ગણિત અને અન્ય વિજ્ઞાન દ્વારા થાય છે. એટલે કે આપણે આવતા ભવમાં ક્યાં જન્મીશું તે કર્મનું ફળ જરૂર છે પરંતુ એ નક્કી કરનાર કોઈ "ઈશ્વર" નથી. કર્મનું 'મેટર' વર્ગણા એની ગુણવત્તા (Quality) સમુહ Quantity સમુહનો વળી પાછો આગવો ગુણ અને છેલ્લે ગણિતના નિયમ પ્રમાણે આ રજકણોની ગતિ - આ સઘળા પર જ આપણને કર્મના સારા-માઠા ફળ ભોગવવા પડે છે. અને મૃત્યુ પછી આત્માની ગતિ પણ કર્મના સંયોજનને જ આભારી છે.




# * મોક્ષ-માર્ગ *

સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. આ ત્રણ રત્નો છે. જ્ઞાન, સારાસારનો વિવેક-શ્રદ્ધા અને શુભ આચરણ એ તો નીતિમય જીવન માટે આવશ્યક છે જ પરંતુ જૈન ધર્મ આ ત્રિ-રત્નોની સૂક્ષ્મ છણાવટ કરીને એક સંપૂર્ણ આચાર સંહિતા આપણી સમક્ષ મૂકે છે.

કર્મ રજને ખંખેરી નાખવા (નિર્જરા કરવા) માટે અહિંસા, સંયમ અને તપનો માર્ગ સૂચવવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## * કર્મમાંથી છૂટકારો — મોક્ષ *

આત્મા પરથી બધાંજ કર્મોનું આવરણ દૂર થાય અને આત્માના મૂળ ગુણો પ્રકાશી રહે તેનું નામ મોક્ષ. બધાં જ કર્મોનો ક્ષય થાય ત્યારે જીવ જન્મ-મરણનાં ફેરામાંથી મુકત થાય છે. અને સિદ્ધગતિ પામે છે.

કર્મને બે વિભાગમાં વહેંચી શકાય. ઘાતી કર્મ અને અઘાતી કર્મ. દરેકનાં ચાર-ચાર પેટા વિભાગ છે.

જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ અને અંતરાય કર્મો તે ઘાતી કર્મો છે. તે આત્માના મૂળ ગુણોનો ક્ષય કરે છે. એ પછીના કર્મ તે વેદનીય કર્મ, આયુષ્ય કર્મ, નામ કર્મ, ગોત્ર કર્મ તે શરીર સાથે વણાયેલાં છે. પ્રથમનાં ચાર કર્મોનો ક્ષય થાય ત્યારે માનવી માનવ મટીને અરિહંત થાય છે. તેને કેવળજ્ઞાન પ્રગટે છે. (અત્યારનાં યુગમાં - પાંચમા આરામાં - આ શક્ય નથી). છેલ્લા ચાર કર્મો શરીરના ત્યાગ સાથે જ જતાં રહે છે. અને અરિહંતનું શરીર - નિર્વાણ પામે છે અને આત્મા સિદ્ધ ગતિએ જાય છે આ મોક્ષ કહેવાય. કેટલીક વાર કેવળજ્ઞાની અરિહંત ધર્મ-સંઘની સ્થાપના કરીને ધર્મ-પ્રચાર કરે છે. તેઓ તીર્થંકર કહેવાય છે.

******

The path to Moksha or Nirvana is through Right Knowledge, Right Faith and Right Conduct.

*



******

ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને ધર્મોપદેશ આપે તે તીર્થંકર કહેવાય. મહાવીર સ્વામી છેલ્લા ૨૪ મા તીર્થંકર. મહાવીર સ્વીમીને ૧૧ ગણધરો હતાં. તેમાં ગૌતમ સ્વામી મુખ્ય હતાં. સુધર્મા સ્વામી નામના ગણધરે તેમના શિષ્ય જંબુ સ્વામીને મહાવીર પ્રભુનો ધર્મ સમજાવ્યો. આજેય આ ગ્રંથો વિદ્યમાન છે. સુધર્મા સ્વામી કહે છે: સુયં મે આયુષં તેણં ભગવયા એવમ્ અકખાયં. હે આયુષ્યમાન ભગવાન વડે જે કહેવાયું હતું તે મેં આમ સાંભળ્યું હતું . પ્રભુ કથિત ધર્મનું તું શ્રવણ કર. આમ પ્રભુની વાણીનું શ્રવણ કરીને ધન્ય બનેલા ધર્વ-વીરો તરફથી આપણને જૈન-આગમો પ્રામ થયાં છે. જૈન-આગમો એટલે ધર્મ-શાસ્ત્રો. આ ગ્રંથોમાં માત્ર સિદ્ધાંતો, આચાર-સંહિતા અને નીતિ-નિયમો જ નથી. કર્મનું સર્વાંગ-સંપૂર્ણ વિજ્ઞાન છે, વિશ્વ અને કાળના અસ્તિત્ત્વનો સિદ્ધાંત છે અને અહિંસા, અનેકાંત, અપરિગ્રહના માર્ગે ચાલીને સમ્યમ્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર દ્વારા મોક્ષ મેળવવાનો સદુપદેશ છે.

******

# GOD



Jainism says that God has not created this universe. The universe has always existed and will always exist. There is no creator. Jain Gods are Tirthankars and Siddhas (Prophets and liberated souls) and they are worshipped in Jain temples.

* * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

The shape of the universe according to Jain Scriptures is shown here. The middle vertical "tube" is the abode for main life-forms.

The bottom part consists of seven hells. The middle world has all the planets, including the Earth. The top part is the abode of all dev-loka (semi-Gods).
In the centre of the middle world there is a big mountain called Mount Meru surrounded by Jambudwip. Our earth is one of the planets in this Jambudwip and is called Bharat-Kshetra.

There are 8 black holes in the universe which are capable of swallowing everything.

Another interesting point is that Jain books state that there are different time-scales on other planets.







Jain astronomy



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જંબૂદ્વીપથી નંદીશ્વરદ્વીપ:પર શાશ્વતચૈત્ય:નંદીશ્વર સમુદ્ર

( ઉત્તરોત્તર દ્વીપ-સમુદ્ર દ્વિગુણ માપથી જાણવા )




DIFFERENT PLANETS LANDS AND SEAS

OUR EARTH IS IN JAMBUDWIP
WHICH IS SHOWN IN CENTRE



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org






Jain Education International
For Private & Personal Use Only
www.jainelibrary.org

## E T E R N A L   W H E E L   O F   T I M E




T I M E   C Y C L E

6 + 6 = 1 2   Phases

At present we are living in 5D which is 21000 years long

+ = Happiness   – = Misery

The wheel of time is eternal and forever in motion. It is divided into two cycles:- The ascending cycle and the descending cycle. Happiness gradually diminishes and bad practices, corruption and misery ensue. This procedure is reversed in the ascending cycle. At present we are living in 5D (i.e. 5th phase of the descending cycle) which is 21,000 years long. Approximately 2500 years of this cycle have already passed.

According to the scriptures, the entrie '6D' period will be atime of severe hardship and pain which appears to match a description of nuclear holocaust.

ભરતક્ષેત્રમાં ૧૨ આરાવાળું કાળચક્ર સદાયે ફર્યા કરે છે. ઉત્સર્પિણી કાળમાં શુભ પુદ્ગલો (સુખ)ની વૃદ્ધિ થાય છે. અને અવસર્પિણીમાં દુ:ખમાં ઉત્તરોત્તર વધારો થાય છે. અત્યારે અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. ૨૧,૦૦૦ વર્ષનો આ આરો છે. પાંચમાં આરામાં મોક્ષ પ્રાપ્તિ થતી નથી. છઠ્ઠો આરો મહા દુ:ખ અને પીડાનો હોય છે. તે પણ ૨૧,૦૦૦ વર્ષ ચાલશે. આ બાદ ધીરે ધીરે ચક્ર ઉપરની દિશામાં ગતિ કરશે અને દુ:ખમાં ઘટાડો તથા સુખમાં વૃદ્ધિ થાય છે.


Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

1 Pudgala-parmanu: the smallest, indestructible particle is called parmanu. This parmanu is many millions of times smaller than an electron, proton or neutron. Modern science talks about neutrinos which can go through a solid wall of lead. Parmanus too have this capacity. Jain theory states that everything is made from parmanu and from groups of parmanu (pudgala). A group of pudgala having all particles of similar characteristics is called Vargana.

Breathing, speaking, thinking, everything has its own particular Vargana (that means our thoughts are made of the parmanus too!).

Quantum physics and new astronomy is also working on this train of thought.

2 Definition of Time: ideas about time in Jainism are revolutionary. Time too is said to be made up of time-particles which exist in the "time-space". Changes in the Order of Succession or movements of these particles are what is known as time, so time is a fourth dimension.




**(૧) પુદ્‌ગલ અને પરમાણુ :-** દ્રવ્યના અંતિમ અવિભાજ્ય અંશને પરમાણુ કહેવાય છે. આ પરમાણુ ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોનથી પણ અનંત ગણો નાનો છે. આધુનિક વિજ્ઞાન ન્યુટ્રોનોની વાત કરે છે. "ન્યુટ્રોનોનો દ્રવ્ય સંચય અતિ સૂક્ષ્મ હોય છે - વળી આ ન્યુટ્રોનો પૃથ્વીથી પ્લુટો સુધીની સીસાની દિવાલ હોય તો તેમાંથી પણ આરપાર નીકળી શકે તેવા હોય છે. જૈન-પરમાણુ આ ન્યુટ્રોનોથી પણ નાના હોય છે. જૈન સિદ્ધાંત મુજબ સઘળું જ પરમાણુ અને પરમાણુના સ્કંધ (સમુહ-સંયોજન) જેને પુદ્‌ગલ કહેવાય છે તેનું બનેલું હોય છે.

એક જ સરખા (પ્રદેશી) પરમાણુઓના સમુહને વર્ગણા કહે છે સરળ ભાષામાં કહીએ તો જૈન ધર્મનો આ પરમાણુનો સિદ્ધાંત એ ગઈકાલનો નથી પરંતુ આવતી કાલના વૈજ્ઞાનિકો માટે પડકાર રૂપ છે: માનવીના શ્વાસોચ્છ્‌વાસ, વિચાર, વાણી સર્વનું પ્રેરક બળ અને તેમાંથી ઉદ્‌ભવતા પરિણામો સઘળું પરમાણુમય છે અને વાતાવરણમાં રહેલાં આ પરમાણુઓથી જ માનવી વિચાર-વાણી-વર્તન કરી શકે છે. આ પ્રાથમિક અભ્યાસ હોવા છતાંયે એવી માન્યતા છે કે આવતીકાલનાં વૈજ્ઞાનિકો ખાસ કરીને ખગોળશાસ્ત્રીઓ અને કવાન્ટમ ફીઝીકસ્‌નાં અભ્યાસીઓ જૈન ધર્મમાં સૂચવેલી પરમાણુઓની માન્યતાની નજીક આવી રહ્યા છે.

**(૨) કાળ :-** જૈન ધમેમાં કાળ વિષેની માન્યતા એ ક્રાંતિકારી વિધાન છે. કાળને (સમયને) પણ દ્રવ્ય માનવામાં આવે છે.

કોઈ એક પુદ્‌ગલ-સ્કંધ લઈએ. આ વસ્તુ આકાશમાં રહેલી છે. તેને લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ એમ ત્રણ માપ હોય છે. એ જ રીતે આ વસ્તુ 'કાળ'માં પણ રહેલી હોય છે. કાળરૂપી આકાશમાં આ વસ્તુને 'લંબાઈ પહોળાઈ' વગેરે હોય છે. આ લંબાઈ પહોળાઈ સામાન્ય ફૂટપટ્ટીથી ન મપાય. જર્મન વિદ્વાન લીબનીઝ આકાશને Order of Coexistence કહે છે અને કાળને Order of Succession કહે છે. આ ઓર્ડર ઓફ સકસેસનને લઈને કાળ-આણુમાં ફેરફારોની પરંપરા પ્રવર્તે છે. આ પર્યાયને આપણે સમય કહીએ છીએ. સમય તે ફોર્થ ડાઈમેન્શન (ચતુર્થ પરિમાણ) છે તેમ આઈન્સ્ટીનના મંતવ્યને જૈન ધર્મે હજારો વર્ષ પહેલાં રજૂ કરેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

3 Can one travel at the speed of light? (Light travels at the speed of 186,000 miles per second.) In Kalpa-Sutra there is an incident where a God converts himself into electro-pudgalas and came down on the earth at the speed of light. After doing his duty he went back at the same speed and converted himself back to the "human" form.

4 When a small bullet is fired from a gun, it harms or kills the victim because it is fired at a great speed. In one war incident, as described in Jain Scriptures, feathers were fired at tremendous speed and the result was deadly!

5 This is the age of the laser. In the story of the life of Lord Mahavir, one angry monk, Gosalak, releases Tejo-Leśya (heat laser) on the Lord. This did not however kill Lord Mahavir because of his divine powers but he certainly fell ill due to the immense heat. The Lord reflected the rays of the Lesya to strike the striker. Gosalak thus died from the effect of his own laser.

6 Physicists say that matter or energy cannot be created or destroyed. Matter can be transformed into energy and Jainism goes further to say that energy can be transformed into matter.

This theory states that our universe has always existed and it will always exist in one form or another.

હરિણૈગમેષી



(૩) પ્રકાશની ઝડપે માનવી જઈ શકે ખરો? પ્રકાશની ઝડપ એક સેકંડના ૧ લાખ, ૮૬ હજાર માઈલની છે. વિજ્ઞાન એમ કહે છે કે જેમ ચિત્ર (ટેલીવીઝન દ્વારા) એક જગ્યાએથી બીજી જગ્યાએ રીલે થાય છે અને માત્ર સેકંડમાં જ થાય છે તેમ પદાર્થ (કે મનુષ્ય) રીલે થઈ શકે ખરો? અત્યારના વિજ્ઞાનની સીમાની બહારની આ વાત છે.

કલ્પસૂત્રમાં એમ દર્શાવેલ છે કે ભગવાનના ગર્ભની અદલાબદલી કરવા માટે હરિણૈગમેષી નામનો દેવ, દેવલોકમાંથી આવે છે. એ પોતાના પુદ્ગલ શરીરને વિદ્યુતમય બનાવીને દેવલોકમાંથી પૃથ્વી પર આવીને ગર્ભ સંક્રમણ કરે છે. અને ફરી પાછું વિદ્યુતમય શરીરમાંથી મૂળ સ્વરૂપ ધારણ કરી દે છે. આ વખતે તે પ્રકાશની ગતિથી "ઉડે" છે.

(૪) બંદુકમાંથી નીકળતી ગોળી નાની હોય છે પરંતુ તે અતિ તીવ્ર ઝડપે બહાર આવે છે તેથી મૃત્યુ નીપજાવે છે. જૈન ગ્રંથોમાં શીલાકંટકની વાત છે એમાંથી પક્ષીનું પીંછુ એટલી તીવ્ર ગતિથી છોડી શકાય કે તે પીંછુ પણ માનવીનો ઘાત કરી શકે આવા શસ્ત્રો પહેલાં હશે ને?

(૫) અત્યારે લેઝરનો જમાનો છે. ગોશાલકે ક્રોધાવેશમાં મહાવીર સ્વામી પર તેજો લેશ્યા છોડી હતી. અત્યારે આવું કાર્ય લેઝર કરી શકે છે. અને તે પણ લેશ્યાની જેમ તેજનાં લીસોટા સમાન હોય છે.

(૬) અત્યારની ખગોળશાસ્ત્રની માન્યતા પ્રમાણે દ્રવ્ય કે શકિતનો નાશ થતો નથી માત્ર રૂપાંતર જ થાય છે. જૈન શાસ્ત્રો કહે છે:

ગુણ પર્યાયવદ્ દ્રવ્યમ્ (તત્વાર્થ સૂત્ર ૫/૩૭) દ્રવ્ય જે છે તેમાં ગુણ (Quality) અને પર્યાય (Modification) બે લક્ષણો છે. તેમાં રૂપાંતર થઈ શકે છે પરંતુ સમગ્રતયા નાશ થતો નથી. દ્રવ્યનું શકિતમાં રૂપાંતર થાય છે (બોંબ દ્વારા) પરંતુ હવે એમ પણ વિજ્ઞાન કહે છે કે સૈધાંતિક રીતે શકિતમાંથી દ્રવ્યમાં રૂપાંતર શક્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# * વિશ્વ - ચૌદ રાજ લોક *




જૈન દૃષ્ટિએ વિશ્વનો આકાર દર્શાવેલ છે. આ વિશ્વ ફરતા ત્રણ આવરણો છે. (ઘનોદધિ, ઘનવાત અને તનવાત એટલે કે જામેલું પાણી, જામેલી હવા અને પાતળી હવા એમ ત્રણ સ્તરો) વિશ્વનો મધ્યનો ઉભો ભાગ ત્રસનાડી કહેવાય છે. તેમાં ત્રસ Mobile અને સ્થાવર Immobile જીવો રહે છે. બાકીનાં ભાગમાં માત્ર મધ્ય લોકમાં મનુષ્ય લોક આવી જાય છે. તેમાં વચ્ચો વચ્ચ મેરૂ પર્વત છે. મેરૂ પર્વતની ફરતો જંબુદ્વીપ છે. જંબુદ્વીપમાં સાત ક્ષેત્ર છે. ભરતક્ષેત્ર, હેમવંત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત. જંબુદ્વીપની આસપાસ સમુદ્ર છે. તે સમુદ્ર ફરતો ખંડ અને ખંડની ફરતો સમુદ્ર એમ રચના છે. શરૂઆતના અઢી દ્વીપમાં જ મનુષ્ય વસે છે. આ પ્રદેશોની બહાર કોઈ મનુષ્ય જન્મતો કે મરતો નથી.

આપણે ભરતક્ષેત્રમાં રહીએ છીએ.

મનુષ્ય લોકમાં જ કાળનાં (સમયનાં) માપ હોય છે. મનુષ્ય લોક બહાર આ માપ હોતાં નથી. સૂર્ય-ચંદ્ર વ. જ્યોતિષકોની ગતિ દ્વારા કાળનું માપ થાય છે.

મહાવિદેહ જેવા ક્ષેત્રમાં આપણા કાળના માપ પ્રમાણે માપ હોતાં નથી.

વિશ્વમાં કૃષ્ણ-રાજિ (બ્લેક હોલ) નું પણ અસ્તિત્વ છે.

વિશ્વ વિષેના ઉપરનાં વિચારો અને આધુનિક વિચારો સાથે સરખામણી કરીએ તો આપણને સમજાશે કે કાળના માપની ભિન્નતા અને બ્લેક હોલની વાત અત્યારના વિજ્ઞાન સાથે સુસંગત છે.

# * પર્વો — તહેવારો *



જૈનો મહાવીર જયંતિ ભારે ઉત્સાહ પૂર્વક ઉજવે છે. ચૈત્રસુદિ તેરશના શુભદિને પ્રભુનો જન્મ થયો હતો.

પર્યુષણ મહાપર્વ સૌથી વધારે અગત્યનાં દિવસો કહી શકાય. આ આઠ દિવસો (શ્રાવણ વદ બારસથી ભાદરવા સુદ ચોથ) ધર્મ ધ્યાનનાં દિવસો છે. ઘણાં ભાવિકો એકાસણા, ઉપવાસ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરે છે. પર્યુષણના દિવસો દરમ્યાન કલ્પસૂત્રનું વાંચન પણ થાય છે. પર્યુષણના છેલ્લા દિવસે (સંવત્સરી) મોટુ પ્રતિક્રમણ કરવામાં આવે છે. સર્વ જીવોની ક્ષમા-યાચના કરીને સહુ પરસ્પર મિચ્છામિ દુક્કડમ્ કહીને ક્ષમા યાચે છે.

## FESTIVALS

The birthday of Lord Mahavir is celebrated with great interest and devotion.

Paryushan festival days are really the days of religious activities. For eight days during these festivals people go to temples and listen to religious discourses and also perform Samayika or Pratikraman.

There are more than 200,000 Jain manuscripts in India. Underground cellars or special rooms were built to keep such manuscripts in many places including Jaisalmer, Ahmedabad, Khambhat, Patan, Limbdi, Delhi and many other places in South India.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org







**PENANCE**

Jainism puts great importance on penance but this does not mean just fasting. There are twelve types of penance - six of which are termed external types:

1 fasting;
2 eating in moderation;
3 abandoning feelings of acquisition:
4 eating without feelings of attachment with the food;
5 self imposed hardships to train one's mind;
6 Control of the body and related feelings;

and six are internal types:

1 repenting for any misdeeds;
2 showing modesty and respect for spiritual leaders;
3 serving the spiritual teachers;
4 studying good books;
5 meditating;
6 observing mental Kausagga.

જૈન ધર્મમાં તપનું ઘણુંજ મહત્ત્વ છે. તપ એટલે માત્ર બાહ્ય ઉપવાસ આદિ નહીં.

તપ બાર પ્રકારનાં : પ્રથમ છ બાહ્ય તપ છે, બાકીના છ અભ્યંતર છે.

અનશન (ઉપવાસ), ઉણોદરી (ઓછું ખાવું), વૃત્તિ સંક્ષેપ (વાપરવાની વસ્તુઓની મર્યાદા), રસ ત્યાગ (દુધ-દહીં જેવી વસ્તુઓ - વિગઈઓ - માંથી થોડો ત્યાગ), કાય કલેશ (સ્વયં પ્રેરિત કાર્ય-કષ્ટ), સલીનતા (શરીરના અંગોપાંગ પર સંયમ), પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ.

******



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## * સામાયિક - પ્રતિક્રમણ *

સમતાભાવમાં સ્થિર રહીને એકાંત, શાંત જગ્યાએ ૪૮ મિનિટ ધર્મ-ધ્યાન, સ્વાધ્યાય કરવા તેનું નામ સામાયિક. અલબત્ત આગળ-પાછળ થોડાં સૂત્રો બોલીને સરળ પણ નાનકડી વિધિ હોય છે. સામાયિક કરવાથી ચિત્તની પ્રસન્નતા અને શાંતિ પ્રાપ્ત થાય છે. પોતાના આત્માને ઓળખવાની અને ધર્મ-જ્ઞાન મેળવવાની આ સાદી ક્રિયા વ્યવહારિક રીતે પણ અગત્યની છે.

******

## * પ્રતિક્રમણ *

પ્રતિક્રમણ એટલે પાપમાંથી પાછી હઠવું. સર્વ જીવોની ક્ષમા-યાચના માટેનાં સૂત્રો તથા વંદનના સૂત્રો ભણવામાં (બોલવામાં) આવે છે. જાણતા-અજાણતા થયેલાં દોષો માટે માફી માગીને મૂળ માર્ગ પર પાછા આવવું, કટિબદ્ધ થવું તે જ સાચું પ્રતિક્રમણ. પ્રતિક્રમણમાં મુહપત્તી પડીલેહણ આવે છે આની પાછળ પણ પાપને લૂછી નાખવાની પ્રતીકાત્મક ભાવના છે.



**પચ્ચકખાણ :—** આનું મૂળ નામ પ્રત્યાખ્યાન છે. દિવસ અને રાત્રીએ અન્ન-પાણીને લગતાં અમૂક નિયમો અને નિષેધો પચ્ચકખાણ કહેવાય. સૂર્યોદયથી બે ઘડી સુધી બધા આહારનો ત્યાગ નવકારશી કહેવાય. સૂર્યાસ્ત પહેલાં શરૂ કરીને આખી રાત સર્વ આહાર-પાણીનો ત્યાગ તે ચઉવિહાર (ચોવીઆર) કહેવાય. પાણી સિવાય બીજી વસ્તુઓનો ત્યાગ તિવિહાર કહેવાય.

*****

**કાઉસગ્ગ :—** આનું સંસ્કૃત નામ કાયોત્સર્ગ છે. કાયા સાથેના સર્વ વ્યાપાર-વ્યવહારનો ત્યાગ કરીને ધ્યાનમાં લીન બનવું - જાણે કે શરીરનો થોડી વાર માટે ત્યાગ કરવો - તેનું નામ કાઉસગ્ગ.

SAMAYIKA: There are many types of Samayika but one which is commonly obsrved consists of sitting for about an hour in a quiet place, meditating, chanting a few verses with a little bit of ritual and obtaining a state of equanimity. The Samayika Sutra or book of Samayika consists of ten passages In Samayika one achieves a state of "Separateness" and thereore it is ..helpful for peace and purification of mind.

PRATIKRAMAN: This is a sitting of a longer period consisting of reviewing, confession and repentance of past and present actions and thoughts.

PRATYAKHYAN or PACHCHAKHAN: observing certain determinations and control for a given time.

KAYOTSTRGA or KAUSAGGA: A layman or a monk relinquishes all feelings of attachment with the body and ob tains a state of meditation.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



MANIBHADRA

Jains worship supreme beings and liberated souls. They also worship Yaksha (Gods) such as Manibhadra. He is the protector of Jain-Sashan (Order of Jains). Another deity worshipped highly is Ghantakarna-Mahavir.

## શ્રી માણિભદ્ર વીર:

જૈન ધર્મ અરિહંત અને સિદ્ધને વંદન-પૂજન કરે છે અને અન્ય દેવતાઓ - યક્ષોને પણ માને છે. માણિભદ્ર દેવ જિન શાસનના રક્ષક/યક્ષ છે. માણિભદ્ર દેવનાં સ્થાન આગલોડ મગરવાડા વગેરે છે. તેઓ તથા ઘંટાકર્ણ મહાવીર પૂજનીય ચમત્કારિક દેવો છે.



## ઘંટાકર્ણ મહાવીર:

ચમત્કારી દેવ ઘંટાકર્ણ મહાવીરના દર્શને મહુડી ગામમાં હજારો યાત્રાળુઓ આવે છે. ધારેલું કાર્ય સિદ્ધ કરવાં માનતા - બાધાઓ રાખતાં હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## JAIN ART * જૈન કલા *

Ancient manuscripts are the best source for studying Jain art. As well as manuscripts there used to be invitation scrolls which were sent to monks to invite them to a certain place for the monsoon period. These scrolls were very very long and had beautiful paintings on them. Other paintings found in caves in South India and some wall paintings in Karnataka are also worth studying.





જૈન શૈલીની ચિત્રકલા પ્રાચીન જૈન હસ્તપ્રતોમાં દેખાઈ આવે છે. નાક અને આંખની ખાસ રેખાઓ જૈન ચિત્રકલાની ખાસિયત છે. હસ્તપ્રતો ઉપરાંત વિજ્ઞપ્તિપત્રો લાંબા કાપડ પર બનાવવામાં આવતાં હતાં. આવા વિજ્ઞપ્તિપત્રો પર સુંદર મીનીએચર ચિત્રો દોરવામાં આવતાં હતાં. કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, કાલકાચાર્યકથા અને સંગ્રહણીસૂત્રની હસ્તપ્રતોમાં સુંદર ચિત્રો હોય છે. કલ્પસૂત્રની હજારો સુવર્ણાંકિત હસ્તપ્રતો વિદ્યમાન છે. દક્ષિણ ભારતમાં પણ ત્યાંની આગવી ચિત્રકલા છે. શ્રવણબેલ્ગોલા અને અન્ય વિસ્તારોમાં આવી ચિત્રકલાના તથા ભીંતચિત્રોના સુંદર ઉદાહરણો દ્રષ્ટિગોચર થાય છે.







Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# * જૈન સ્થાપત્ય *

## JAIN ARCHITECTURE




ચતુષ્ક ખંડા　　　　પંચ ખંડા

Different types of curves for shikhar



દસ હજારથી યે વધારે જૈન દેરાસરો અત્યારે વિદ્યમાન છે. ભારતીય કારીગરો - સ્થપતિઓની કુશળતાની ગાથા ગાતાં આ ભવ્ય પ્રાસાદો જૈન ધર્મની ધ્વજા પતાકા લહેરાવે છે. રાજસ્થાન અને ગુજરાતમાં સ્થળે સ્થળે જૈન દેરાસરો છે. દક્ષિણ-ભારતમાં દીગંબરો સ્થાપત્યો પણ વિપુલ પ્રમાણમાં છે. બિહાર રાજ્યમાં, બંગાળા, ઓરીસ્સા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક એમ ઠેર ઠેર જૈન દેરાસરો અડીખમ ઊભાં છે

દેરાસરની બાંધણી - શિલ્પ શાસ્ત્ર એક ગહન વિજ્ઞાન છે. અનુપમ કળા છે અને ઉત્કૃષ્ટ વિદ્યા છે. માપ, ક્ષેત્રફળ અને રેખાઓના વળાંકના અભ્યાસથી, ગામ-ક્ષેત્રના વાતાવરણ અને રાશિ પરથી દેરાસરની બાંધણી નક્કી થાય છે. અનેક પ્રકારનાં સ્થંભો, વિવિધ પ્રકારનાં તોરણો અને શિખરોમાંથી પસંદગી કરીને સ્થાપત્ય રચનાં થાય છે.

There are more than 10,000 Jain temples in India. These masterpieces of architecture represent the devotion of Jain lay-people. The design of Jain temples is governed by written rules which involve both art and scientific values. Study of this covers mathematics, geography and a complete knowledge of architectural practices.





Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org



The Jain temples at Mount Abu are also very famous. These temples are situated on the mountain 4,000 feet high. They are constructed entirely of white marble, with carving on ceilings, pillars, doorways, panels and niches which are marvellous.

### * દેલવાડા - આબુ *

આબુ પર્વત પર આવેલાં વિમળવસહિ અને લુણીગવસહિ દેરાસરો આમ જનતામાં વસ્તુપાળ - તેજપાળનાં દે'રા તરીકે પ્રખ્યાત છે. વિમળવસિહનું દેરાસર તો જો કે વિમળશાહ મંત્રીએ બંધાવેલું. આ મંદિરોમાં થાંભલાઓ અને છતની કોતરણી જોઈને સહુ આભા બની જાય છે. વિશ્વમાં આટલી બારીક, આટલી સુંદર કોતરણી ક્યાંય નથી તે એક હકીકત છે. આબુ પર્વત પર વાતાવરણ આહ્લાદક હોય છે. ૫૩ કરોડ રૂ. ના ખર્ચે આ દેરાસરો હજારેક વર્ષ પહેલાં બંધાવેલાં હતાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



PALITANA-TEMPLES

There are more than 700 temples on the hills of Shatrunjaya at Palitana. This cluster of beautiful temples is unique in the whole world.




## * શત્રુંજ્ય તીર્થ *



સૌરાષ્ટ્રની - ગુજરાતની પૂણ્યભૂમિમાં શત્રુંજ્ય તીર્થનું મહાત્મ્ય અપૂર્વ છે. ભાવનગરથી ૩૧ માઈલ દૂર આવેલ શત્રુંજ્યના ડુંગર ઉપરના દેરાસરોના દર્શન એ તો જીવનનો મહામૂલો લ્હાવો છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અહીં પૂર્વ નવ્વાણ વાર પધાર્યા હતા. પ્રાચીન કાળથી અહીં જિન-મંદિરો છે. મુખ્ય મંદિરમાં ઋષભદેવ ભગવાનની મૂર્તિ છે. પાલીતાણા ગામ પાદલિપ્તસૂરિના નામથી વસેલું છે. આ તીર્થનાં ઘણાં ઉદ્ધારો થયાં છે. ભાવડશાહ અને કર્માશાહે કરાવેલાં નિર્માણો અને ઉદ્ધારો ઐતિહાસિક છે. ૭૦૦ થી વધુ દેરાસરો છે. ૭૦૦૦ થી વધારે મૂર્તિઓ છે. ડુંગર પર ૩૭૦૦ પગથીઆં ચઢીને જવાય છે. વિશ્વમાં કોઈ એક સ્થળે આટલી મોટી સંખ્યામાં આટલા સુંદર મંદિરો નથી. શત્રુંજ્ય પર્વત પર દેરાસરો છે અને સાથે સાથે પાલીતાણા ગામમાં પણ ઘણાં દેરાસરો છે. આગમ મંદિર, જંબુદ્વીપ મંદિર, ૧૦૮ તીર્થ-મંદિર વગેરે દર્શનીય છે. પાલીતાણાની નજીક કદંબગિરિ અને હસ્તગિરિ નામના ડુંગરો છે અને ત્યાં પણ દેરાસરો છે.

******



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Temples at Ranakpur are magnificent too. The architecture is so marvellous that people come to study the design of this temple.

સ્થાપત્ય શાસ્ત્રનો ઉંડો અભ્યાસ કરવો હોય તો રાણકપુરના ભવ્ય દેરાસરોના દર્શન અનિવાર્ય બની રહે. ત્રણ મજલા ૭૨ દેરીઓ. ૧૪૪૪ થાંભલાઓ વાળા આ દેરાસર બાંધતાં ૫૦ વર્ષ લાગેલાં. ધરણાશાહે ૪૮૦૦૦ ચોરસફૂટમા આ મંદિરો બંધાવીને ઈ.સ. ૧૪૩૯ માં પ્રતિષ્ઠા કરાવી હતી. આદિશ્વર ભગવાનની મનહર પ્રતિમા ને ભવ્ય દેરાસરો મનને ભાવ વિભોર બનાવી દે છે.





* રાણકપુર *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## BAHUBALI

On top of a hill at Shravan Belagola in South India, there stands a giant statue of Lord Bahubali. This image is 57 feet high and is carved from the bedrock of the hill. Bahubali, the son of the first Tirthankar, Rushabhdev, became a monk and chose the path of renunciation instead of fighting his own brother and killing people in the battlefield.

There is now a Digambar Muth (headquarters for Digambar sect) at Shravan Belagola and a big ceremony took place in 1981 to commemorate the 1000th anniversary of the creation of this giant statue of Lord Bahubali.



## * બાહુબલી *

દક્ષિણ ભારતમાં શ્રવણ બેલ્ગોલામાં એક નાનકડા ડુંગરા પર બાહુબલીની ૫૭ ફૂટની વિશાળ કાય - ભવ્ય દીગંબર મૂર્તિ છે. બાહુબલી અને ભરત બંને પ્રથમ તીર્થંકર ઋષભદેવનાં પુત્રો હતાં. બાહુબલી અને ભરત વચ્ચે યુદ્ધ થયું. બાહુબલી બળવાન હતાં પરંતુ તેમને સંસારની અસારતા સમજાણી અને દીક્ષા લીધી.

આ પ્રતિમા ગ્રેનાઈટના એક જ પથ્થરમાંથી કોરાયેલી છે. આવી વિશાળકાય પ્રતિમા કોતરવી તે અદ્‌ભૂત સિદ્ધિ છે. શ્રવણબેલ્ગોલામાં અત્યારે દીગંબર મઠ છે: બાહુબલીજીની પ્રતિમાનાં ૧૦૦૦ વર્ષની મંગળ ઉજવણી રૂપ મહામસ્તકાભિષેક વિધિ ૧૯૮૧માં ઉજવવામાં આવી હતી.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## HEMCHANDRACHARYA (1088 - 1172 AD)

A great Jain monk and leader. He was the father of the Gujarati language. He also wrote dozens of scholarly books on subjects such as history, grammar, poetry, yoga, mythology, philosophy, etc. His early writings include the grammar of the Prakrit language from which Gujarati is derived.

King Kumarpal in Gujarat state was very much influenced by this great monk and had many Jain temples built on advice of Hemchandracharya. The magnificent temple shown here is in the middle of many hills at Taranga and still attracts many pilgrims. Special non-combustible wood was used for the ceiling of this temple.

Vegetarianism in Gujarat is also largely due to the efforts of this great monk.





## * હેમચંદ્રાચાર્ય *

હેમચંદ્રાચાર્યને કલિકાલસર્વજ્ઞ અને જ્યોતિર્ધર એવા બિરૂદ મળ્યાં છે. તેઓને યુગ-પ્રવર્તક પણ કહી શકાય. સિદ્ધરાજ અને કુમારપાળ જેવા બે મહાન રાજવીઓના સમયમાં તેમણે ગુજરાતમાં જૈન ધર્મનો નાદ ગજાવ્યો. બંને રાજાઓનાં તેઓ પ્રીતિ પાત્ર હતાં. કુમારપાલ તો તેમનો ભકત અને અનુયાયી હતો. ગુજરાતમાં અહિંસા અને શાકાહારીપણાનો પ્રચાર તેમને આભારી છે. હેમચંદ્રાચાર્ય પ્રખર વિદ્વાન હતાં. ગુજરાતની સંસ્કારિતા અને વિદ્વતા પણ તેમના સમયમાં ફાલી ફૂલી. તેમણે અનેક ગ્રંથો લખ્યાં. સિદ્ધહેમ શબ્દાનુશાસન નામનો વ્યાકરણનો ગ્રંથ એટલે પ્રાકૃત ભાષાનું પ્રથમ વ્યાકરણ. આપ્રાકૃતમાંથી ગુજરાતી ભાષા જન્મી તેથી હેમચંદ્રાચાર્યને ગુજરાતી ભાષાનાં પિતા પણ ગણાવી શકાય. દ્વયાશ્રય નામનાં મહાકાવ્યમાં સોલંકી વંશનો ઈતિહાસ સંસ્કૃત શ્લોકો અને ગાથાઓમાં વર્ણવેલો છે. આ રચના એટલી અદ્ભૂત છે કે ઈતિહાસ સાથોસાથ આડકતરી રીતે વ્યાકરણનાં નિયમો સમજાવેલાં છે: યોગ વિષે 'યોગશાસ્ત્ર' નામનો ગ્રંથ પણ વિદ્વતાપૂર્ણ છે. આ સિવાય કાવ્યાનુશાસન, છંદોનુશાસન, પ્રમાણ મીમાસા, અર્હન્નીતિ, વીતરાગ સ્તોત્ર પણ જાણીતા છે. ત્રિષષ્ટ શલાકા પુરુષ ચરિત્રમાં તેમણે ૬૩ શલાકા પુરુષો (ચક્રવર્તી વ.) ના ચરિત્રો આપ્યાં છે.

વિદ્યારૂપી સમુદ્રનું મંથન કરવા સમર્થ મંદિરગીરિ સમાન હેમચંદ્રાચાર્યનો જન્મ ઈ.સ. ૧૦૮૮માં થયો હતો. તેમનું અવસાન (કાળધર્મ) ઈ.સ. ૧૧૭૨માં થયું હતું.

હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી કુમારપાળ રાજાએ તારંગા પર અતિ ભવ્ય - અતિ સુંદર દેરાસર બંધાવેલ છે. આજેય જોવા - દર્શન કરવાં માટે હજારો - લાખો યાત્રાળુઓ ત્યાં જાય છે. મંદિરમાં છતમાં વપરાયેલું લાકડું એવું છે કે તે બળે ત્યારે તેમાંથી રસ ઝરે છે જેથી આગ ઓલવાઈ જાય અને લાકડું બળે નહીં. તારંગાના આ મંદિરમાં અજીતનાથ પ્રભુ મૂળનાયક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## HIRVIJAYSURI

Born in 1526 AD he preached and explained the Jain philosophy to the great mogul emperor Akbar. As a result the emperor ordered the closure of slaughter houses during all the Jain holy days.

The great monk Hirvijaysuri also wrote many scholarly books.



શ્રી હીરવિજય સૂરિનો અકબર બાદશાહે કરેલો સત્કાર

## * શ્રી હીરવિજયસૂરિ *

ઈ.સ. ૧૫૨૬માં તેમનો જન્મ થયો હતો. મોગલ સમ્રાટ અકબરને ઉપદેશ આપવા માટે તેઓ ઈતિહાસ-પ્રસિદ્ધ છે. બાદશાહ અકબર તેમનાથી પ્રભાવિત થયો હતો. તેણે સૂરિજીને પુસ્તકનો એક ભંડાર આપ્યો હતો વળી તેમની પ્રેરણાથી અકબરે આગ્રામાં પર્યુષણના પવિત્ર દિવસો દરમ્યાન જીવ-હિંસા બંધ રખાવી હતી. (અમારી પ્રવર્તન).

હીરવિજયસૂરિનો જૈનો અને જૈનેતરો પર સોળમી સદીમાં ખુબજ પ્રભાવ રહ્યો. તેઓ મહાન ત્યાગી, મહાતપસ્વી અને મહાજ્ઞાની હતાં. તેમણે ઘણાં ગ્રંથો લખ્યાં હતાં.

## VIRCHAND R. GANDHI (1864 - 1901)

He was the first Jain to ignore opposition from Orthodox Jains and leave the country for the promotion of Jainism outside India. He went to USA to participate in a conference on world religions. He explained and taught the principles of Jainism in many western countries where some Americans and Britons became his followers.



શ્રી વીરચંદ રાઘવજી ગાંધી B. A.

## * શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (૧૮૬૪ - ૧૯૦૧) *

જૈન ધર્મનો પરદેશમાં ફેલાવો કરવામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ચિકાગોમાં ભરાયેલી વિશ્વ ધર્મની પરિષદમાં તેમણે જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું. અમેરિકામાં તેમણે જૈન ધર્મનો પ્રચાર કર્યો. અમેરિકા અને પછી બ્રિટનમાં તેમના ઘણા અનુયાયીઓ થયાં. ભારત છોડીને પરદેશ જવા માટે તેમની ઘણી ટીકાઓ થઈ હતી પરંતુ તેમણે આ ટીકાઓ પણ સહન કરી. તેમણે સમેતશીખર પર ચરબીનું કારખાનું નખાવવાનું હતું ત્યાં કાયદેસર રીતે રજૂઆત કરીને કેસમાં જીત મેળવી હતી અને કારખાનું બંધ કરાવ્યું હતું.

******



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## SHRIMAD RAJCHANDRA: A great philosopher.

He was born on 9 November 1867 in Saurashtra (now Gujarat state). He had an extraordinary knowledge of his past lives at a very early age. He was able to remember 100's of items such as puzzles, problems and statements and could solve them correctly in the right sequence rapidly and without the aid of pen and paper. However he never used this talent for gainful purpose but gave up everything in search of the religious quest. He was also a good poet.

He did not become a monk but he had renounced everything. His philosophy and writings (specially his letters to many people including Mahatma Gandhi) are a source of inspiration for thousands of people in India and abroad.

He died in 1901 at the age of only 33.

## *શ્રીમદ્ રાજ્યંદ્ર *

ગઈ સદીના આધ્યાત્મિક તત્ત્વજ્ઞાની મહાપુરુષ શ્રીમદ્ રાજ્યંદ્રનો જન્મ ૯-૧૧-૧૮૬૭ના રોજ વવાણીયામાં થયો હતો. માત્ર સાત વર્ષની વયે તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. માત્ર ઓગણીસ વર્ષની વયે તેમણે ૨૨ જાન્યુ. ૧૮૮૭ના દિવસે મુંબઈમાં શતાવધાનનાં પ્રયોગો કર્યા હતાં. એ વખતે તેઓ કવિ રાયચંદભાઈ તરીકે ઓળખાયાં. મહાત્મા ગાંધીજીને તેમની પાસેથી ઘણું જાણવા મળ્યું હતું. અહિંસા વિષે ગાંધીજીએ રાજ્યંદ્રજી સાથે પત્ર વ્યવહાર કર્યો હતો. ઝવેરાતનો ધંધો હોવા છતાં તેઓ મહા-ત્યાગી હતાં. વૈરાગ્ય વધતાં જતા તેમણે સાધનામાં જ તેમનું અલ્પ જીવન ગાળ્યું. તેમને આત્મજ્ઞાનનો પ્રકાશ થયો હતો. તેમના લખાણોમાં તેમની પ્રખર વિદ્વતા, ઉંડો વૈરાગ્ય અને આત્મ તત્ત્વનું જ્ઞાન દ્રષ્ટિગોચર થાય છે. તેઓએ મોટો અનુયાયી-આરાધક વર્ગ છોડીને નાની ઉંમરે ઈ.સ. ૧૯૦૧ માં દેહત્યાગ કર્યો. આજેય તેમના ગ્રંથોનું વાંચન સેંકડો સ્થળોએ વિવિધ સત્સંગોમાં થાય છે. તેમણે રચેલ આત્મસિદ્ધિ શાસ્ત્ર કાવ્ય આત્માના ષટ્ સ્થાનો સમજાવે છે. આ કૃતિ એટલી ભાવ-મય અને તત્વજ્ઞાનથી ભરપૂર છે કે તેને પણ લોકો મનનીય અને પૂજનીય ગણે છે. તેમનું અવસાન રાજકોટમાં થયું હતું.

******



શ્રીમદ્ રાજચંદ્ર

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

This is a rare photograph, depicting some western Jain scholars who have published extensively researched works in Jainism.




પ્રભાવશાળી જૈન સાહિત્યનો, ખાસ કરીને જૈનેતર સમાજમાં પ્રચાર કરવો એ શાસન પ્રભાવનાનું એક મહત્વનું અંગ છે. અને એ દિશાએ **જીવનની** સઘળી શક્તિઓ ખર્ચવામાં જીવનનું મહત્વ સમજી સ્વ૦ **આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ** વિદેશનાં આગેવાન સાહિત્ય સેવકો**માં જૈન** સાહિત્યનો સારો પ્રચાર કર્યો, પરિણામે **વિદેશી જૈન**–સ્કોલરો**ની** વૃદ્ધિ થવા પામી, અને જૈનધર્મના પ્રચાર માટે તેઓની પીપાસા આજે જાગૃત થઇ રહી છે. આવાં શાસનપ્રભાવનાના શુભ સંસ્મરણો રજુ કરતું આ ગ્રુપ આચાર્યશ્રી અને તેઓશ્રીના પ્રેરીત વિદેશના કેટલાક જૈન સ્કોલરોનો આછો પરિચય રજુ કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## JAINISM OUTSIDE INDIA

UK: There are more than 30,000 Jains in UK. London has about 25,000 Jains. Plans have been approved for a big Jain temple and auditorium at a place near Potters Bar which is situated to the north of London. South London also has a big meeting place for the Oshwal Community. Jain Centre, Leicester, is a unique place for Jains in Europe and is run by Jain-Samaj Europe. This centre provides facilities for all sects of Jains.

Beautifully carved pillars and torans were made from special stones in India and have been brought and erected in the temple at Jain Centre.



લેસ્ટર (બ્રિટન)ની જૈન સમાજ યુરોપ નામની સંસ્થા દ્વારા જૈન-સેંટર તૈયાર થઈ ચૂક્યું છે. જૈન સેંટરમાં દેરાસરમાં મૂળ નાયક શાંતિનાથ પ્રભુની ૩૧"ની પ્રતિમા છે. પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીની ૨૪", ૨૪" ની પ્રતિમાઓ છે. આ ઉપરાંત ધરણેન્દ્ર-પદમાવતીજી, ઘંટાકર્ણ મહાવીર, ગૌતમ સ્વામી, શ્રીમદ્ રાજચંદ્ર મંદિર, બાહુબલીજી, ઋષભદેવજી, નેમિનાથજી, ચક્રેશ્વરીમાતા, અંબિકાદેવી તથા માણિભદ્રજીની સ્થાપના થશે. દેરાસરનાં થાંભલાઓ અને તોરણો જેસલમેરના પથ્થરોને કોરીને બનાવેલાં છે.

પ્રતિષ્ઠાનો શુભ દિન છે ૨૦મી જૂલાઈ ૧૯૮૮.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Mombasa is a beautiful town in Kenya, East Africa. The first house-temple was opened in Mombasa at Rogers Road in 1916 and Jain Deravasi Sangh was founded in 1922. Images were brought from India in the year 1951 since following which a magnificent temple was built. The Pratishtha (Installation of Images) ceremony was held on 26.7.1963.

**મોંબાસા :—** પૂર્વ આફ્રિકાનાકેન્યા દેશના કિનારે રળિયામણું શહેર એટલે મોંબાસા. મોંબાસામાં ૧૯૧૬માં રોજર્સ રોડ પર પ્રથમ ઘર દેરાસર થયું હતું. ૧૯૨૨માં જૈન દેરાવાસી સંઘની સ્થાપના થઈ હતી. સને ૧૯૫૧માં ભારતથી પ્રતિમાજીઓની પધરામણી થઈ હતી. મોંબાસામાં અતિ ભવ્ય શિખરબંધી દેરાસર બંધાયુ છે. પ્રતિષ્ઠા મહોત્સવ ૨૬-૭-૧૯૬૩ના શુભ દિને ઉજવાયો. દેરાસરનું નામ પાર્શ્વ વલ્લભ પ્રાસાદ છે.








Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

America: There are many Jain centres and temples in the USA and Canada. "Jain Bhavan" has been specially built in Los Angeles. New York, Washington, New Jersey, Detroit, Chicago, Boston, Los Angeles, Toronto, Cleveland, Buffalo also have Jain centres. At Siddhachalam, near New York, temples, libraries, auditorium, etc. are being built. All centres are actively promoting Ahimsa (non-violence) and vegetarianism. There are 35,000 Jains in America now.

અમેરિકામાં ઠેર ઠેર જૈન સેન્ટરો તથા દેરાસરો છે. લોસ એન્જેલસમાં જૈન-ભવન તૈયાર થઈ ગયું છે. શિકાગોમાં દેરાસર નિર્માણ કરવાનું આયોજન છે. ન્યુયોર્ક, વોશીન્ગટન, ન્યુજર્સી, ડેટ્રોઈટ, શિકાગો, બોસ્ટન, લોસ એન્જેલસ વગેરે સ્થળોના જૈન કેન્દ્રો પ્રવૃત્તિશીલ છે. કેનેડામાં પણ ટોરંટો અને અન્ય સ્થળોએ જૈન ધર્મની પ્રવૃત્તિ થઈ રહી છે. વેજીટેરીયાનીઝમનો પ્રચાર કરવામાં આવે છે. ન્યુયોર્ક પાસે સિદ્ધાચલમ્ આકાર લઈ રહ્યું છે ત્યાં જૈન દેરાસરો, ગ્રંથાલય, ભોજનાલય, સભાગૃહ ઈત્યાદિ થશે.



JAIN BHAVAN

**નાઈરોબી :—** નાઈરોબીમાં ૧૯૦૦ની સાલથી જૈનો વસે છે. ૧૯૦૮માં પ્રથમ સ્વામી વાત્સલ્ય ભોજન થયું હતું. ૧૯૬૯માં ઓશવાળ હાઉસનું નવનિર્માણ થયું. ભવ્ય શિખરબંધી દેરાસર માટે શિલાન્યાસ ૨૨-૧-૧૯૭૬ના દિને થયો. દેરાસરની પ્રતિષ્ઠા ૧૧ ફેબ્રુ. ૧૯૮૪ના શુભ દિને થઈ.

******



Nairobi: Jains have lived here since 1900 AD. The first grand Jain dinner was organised in 1908. Oshwal house was built in 1969. The foundation stone for this Jain temple was laid on 22.1.1976 and the Pratishtha ceremony was held on 11.2.1984.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## EIGHT MANGALS

These eight figures are auspicious and have been considered so for thousands of years. The symbols are seen in temples and at certain rituals and are mentioned in the stories of Tirthankars.

### * અષ્ટમંગલ *

જૈન દેરાસરો, ઉપાશ્રયો અને અન્ય જગ્યાએ જોવા મળતી આ આઠ આકૃતિઓ અનાદિકાળથી મંગળરૂપે ગણવામાં આવે છે. આમાં અનુક્રમે સ્વસ્તિક, શ્રી વત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, કળશ, ભદ્રાસન, મીન-યુગલ અને દર્પણ છે. જિન-મંદિરમાં પૂજા બાદ ચૈત્ય વંદન શરૂ કરતાં પહેલા ચોખા-અક્ષતથી આ આકૃતિઓ રચવી જોઈએ. હવે જોકે આ આકૃતિઓ વાળા પાટલાં રાખવામાં આવે છે.

ભગવાનના દીક્ષા મહોત્સવના વરઘોડા સમયે આ અષ્ટ મંગલ શામેલ હતાં. આપણાં આગમ ગ્રંથોમાં આ અષ્ટ મંગલોનું વર્ણન છે તીર્થંકરના મેરૂ-પર્વત પરના અભિષેક પ્રસંગે પણ તે આ લેખાયાં હતાં.

******

With the foetus of Tirthankar in her womb, the holy mother witnesses the follwong fourteen objects in her dream.
(1) a lion (2) an elephant (3) a bull (4) goddess Laksmi (5) a pair of garlands (6) the moon (7) the sun (8) a flag (9) a silver jug (10) a lake full of lotuses (11) the milk-ocean (12) divine plane (13) a heap of jewels (14) a smokeless fire.




**ચૌદ સ્વપ્નાં :—** તીર્થંકરની માતા, જ્યારે પ્રભુ ગર્ભમાં હતાં ત્યારે ચૌદ સ્વપ્નાં જૂએ છે. આ સ્વપ્નનાં ફળાદેશ પ્રમાણે પુત્ર ચક્રવર્તી અથવા ધર્મોપદેશક - ધર્મપ્રવર્તક થાય તેમ જ્યોતિષીઓ કહે છે. આ સ્વપ્નાંને પણ મંગળ-મય ગણવામાં આવ્યાં છે. પર્યુષણ-પર્વમાં આ સ્વપ્નાં દર્શનાર્થે રખાય છે - ઉતારાય છે - ઘી (ઉછવણી બોલાય છે). સ્વપ્નાં ના નામ (૧) સિંહ (૨) હાથી (૩) ઋષભ (૪) લક્ષ્મી (૫) પુષ્પની માળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજ (૯) કળશ (૧૦) કમળ સરોવર (૧૧) સાગર-વર (૧૨) દેવ-વિમાન (૧૩) રત્નોનો સમુચ્ચય (૧૪) નિર્ધુમ જ્યોત (અગ્નિ). સ્વપ્નોનાં ક્રમમાં ક્યારેક ફેર જણાય છે. વળી દીગંબર મત મુજબ સોળ સપનાં હતાં.









Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





MANTRA-YANTRA

1 Mantras are used in chanting. They are repeated in the mind to achieve concentration and devotion. Certain mantras are very short, e.g. one such mantra is the divine letter "OM" (or AUM).

One can also chant the whole sentence (long mantra) e.g. AUM HRIM SHREE PARSHVANATHAY NAMAH.

2 Yantras are diagrams which help in meditation where attention is concentrated on the diagram. One such diagram is Siddha-Chakra which signifies the whole aspect of faith in the Jain religion.

Nine deities are shown in the nine parts of the circle, they are:

ARIHANTA, SIDDHA, ACHARYA, UPADHYAY, SADHU (five Parmeshtin); Right Knowledge, Right Vision, Right Conduct (3 jewels) and penance.

## * મંત્ર - તંત્ર - યંત્ર *





જૈન, હિંદુ અને બૌદ્ધ ધર્મમાં મંત્ર-તંત્ર-યંત્રને સ્થાન છે જ. આ પ્રકારનાં બે યંત્રો અહીં દર્શાવ્યાં છે. સિદ્ધચક્ર યંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એમ પંચ પરમેષ્ઠિ તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને તપ એમ ચાર પદો મળીને નવનું પૂજન થાય છે. સિદ્ધચક્રનું પૂજન ફળદાયી મનાય છે. સાચી પૂજા જ્ઞાન, દર્શન, ચારિત્ર્યના માર્ગે ચાલીને, યોગ્ય રીતે તપના આચરણથી કરી શકાય.





અર્હં મંત્ર છે. તે જૂદી જૂદી રીતે પણ લખાય છે. અહીં થોડી રીતો દર્શાવી છે. ૐ ની જેમ અર્હંનું મહત્ત્વ છે. અરિહંત સ્વરૂપના ધ્યાનનું આ મહાન પવિત્ર મંત્ર-બીજ છે. ૐ હ્રીં અર્હં નમ: નો જાપ સિદ્ધિ-દાયક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| લાલ રંગ : સિદ્ધ Red | | સત્ય |
| પીળો રંગ : આચાર્ય Yellow | | અચૌર્ય |
| સફેદ રંગ : અરિહંત White | | અહિંસા |
| લીલો રંગ : ઉપાધ્યાય Green | | બ્રહ્મચર્ય |
| કાળો રંગ : સાધુ Black | | અપરિગ્રહ |

જૈનધ્વજ
અંગે
જરૂરી માહિતી....

ધ્વજનો આકાર : લંબચોરસ
લંબાઇ–પહોળાઈ : ૩×૨
લાલ, પીળા, લીલા, કાળા રંગના
પટ્ટાઓ સમાન : સફેદ–બેવડો.
સ્વસ્તિક, કેસરીયાં રંગમાં.

JAIN FLAG

During the 25th centenary year of Lord Mahavir's nirvana, a large committee representing all the Jain sects agreed upon the idea of one flag and one symbol for all Jains.

## * જૈન ધ્વજ *

ભગવાન મહાવીરની ૨૫૦૦ મી જ્યંતિ વખતે જૈન ધ્વજના સ્વરૂપની સર્વાનુમતે પસંદગી થઈ. પંચ પરમેષ્ઠિના પાંચ રંગ યુકત પાંચ પટ્ટાવાળો આ ધ્વજ છે. વચમાં સ્વસ્તિક વગેરે જૈન પ્રતીકમાં દર્શાવ્યા પ્રમાણે છે.





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




## JAIN SYMBOL

The outline of the diagram is that of a Jain universe. The swastika represents the four states the soul may live in: divine, human, tiryanch (i.e. animals, birds, etc.) and hell. The three dots represent right knowledge, right vision (faith) and right conduct. The half-moon is the sign of Siddha-Sheela (final place for liberated souls).

The raised hand is to indicate the principle of non-killing, non-violence. In the middle of the hand is drawn a wheel for the propagation of the religion.

## * જૈન પ્રતીક *

આ પ્રતીક પણ જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરે છે. પ્રતીકમાં બાહ્ય રેખાંકન છે તે જૈન દ્રષ્ટિએ વિશ્વનો આકાર છે અંદર હાથ છે તે અભય-દાન સૂચવે છે. હાથમાં ધર્મ-ચક્રનું ચિન્હ છે તેમાં અહિંસા શબ્દ લખેલો છે.

સ્વસ્તિક ચાર ગતિ સૂચવે છે. મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી. સ્વસ્તિક ઉપરનાં ત્રણ બિંદુઓ ત્રિ-રત્ન; સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્ર સૂચવે છે. તે ટપકાંઓ ઉપરનો અર્ધચંદ્રાકાર શિદ્ધશીલા છે. શિદ્ધશીલાએ મોક્ષ પામેલા આત્માઓનું અંતિમ સ્થાન છે.

પ્રતીકમાં નીચે લખ્યું છે પરસ્પરોપગ્રહો જીવાનામ્ એટલે જીવોનો પરસ્પર ઉપકાર છે. જીવો અને જીવવા દોએમ જ નહી પરંતુ જીવો અને અન્યના જીવનમાં સહાયભૂત બનો તેનો આ ઉમદા મંત્ર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

BOOKS BY VINOD KAPASHI

ANIMESH (Gujarati Novel)

FROM HAIKU TO ZEN

JAINISM-FIRST STEP

HINDUISM-FIRST STEP

IN SEARCH OF THE ULTIMATE

ESSENCE OF PRATIKRAMAN

KALPA-SUTRA

AHIMSA-DHARMA

PARDESHMA JAIN DHARMA

JAINISM ILLUSTRATED

HEMCHANDRACHARYA (To be published)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org